# એકવીસમી સદીમાં શિક્ષણ-પ્રશિક્ષણ સામેના પડકાર

પીનલ બી. જોષી

## ૧. પ્રસ્તાવના

પ્રવર્તમાન યુગ એ ઉદારીકરણ,ખાનગીકરણ અને વૈશ્વિકરણની યુગ છે. આવા આ યુગમાં જ્યારે શિક્ષણ અને પ્રશિક્ષણ સંબંધી પડકારોની વાત કરવી હોય તો અનેક પરિપ્રેક્ષ્યમાં તેનો વિચાર કરી શકાય. અહીં પ્રયોજક દ્વારા મહત્ત્વના કહી શકાય તેવા પરિમાણોના સંદર્ભમાં વિચાર કર્યો છે અને પોતાના વિચારને પ્રદર્શિત કરવાનો નમ્ર પ્રયાસ કર્યો છે.

## ૨. એકવીસમી સદીની આવશ્યકતાઓ

- માહિતીને લગતી આવશ્યકતાઓ સંતોષવા માટે ભૌતિક સાધનોને સજ્જ કરવા પડશે .
- જ્ઞાનના નવા ક્ષેત્રો અને તેને પામવા ની આવશ્યકતા સંતોષવી પડશે.
- જીવન લેવા માટે નવા કૌશલ્ય હસ્તગત કરવા પડશે અને તેમાં નિપુણતા હાંસલ કરવી પડશે.
- માણસો સમાજ જીવનમાં એક નવા સ્વરૂપે પોતાને મૂકવો પડશે અને પોતાના સામાજિક વ્યવહાર બદલવા પડશે .
- માણસના જીવનમાં પ્રસ્થાપિત અને આ રોગ થયેલા મૂલ્યો બદલવા પડશે.
- માણસો પોતાના આચારવિચાર બદલવા પડશે. પોતાની પસંદગીના ખ્યાલ બદલવા પડશે. વેદના અને સંવેદનાની વિષય ખ્યાલ પણ બદલવા પડશે.
- માણસે પોતાના આરોગ્યની કાળજી સાથે પોતાના આરોગ્ય માટે સભાનતા કેળવવાની જરૂર ઊભી થઈ છે તેણે પોતાની શક્તિઓ માત્ર ઓળખવી એટલું જ નહીં પણ યોગ્ય જગ્યાએ તેને કામે લગાડવી પડશે અને તેમાંય જ્ઞાનેન્દ્રિયો ના વિકાસ વગરનો માણસ ભાંગરો અને નમાલો સાબિત થશે.
- તેણે નવીન ટેકનોલોજી સાથે સંબંધ સ્થાપિત કરવાની સાથે તેના ઉપયોગની સજ્જતા કેળવવી પડશે.
- માણસ જ્યારે વિશ્વ કુટુંબનો એક વિશ્વ માનવ બનવા જઈ રહ્યું છે અત્યારે તે માત્ર એક જ ભાષા જાણે તે ચાલશે નહીં વળી જો તેનામાં પ્રત્યાયન ક્ષમતા ન હોય તો તે એક અસફળ માણસ બની જ બની રહેશે સાથે સાથે તેણે પોતાના વિચાર સંક્રમણમાં પણ પરિવર્તન લાવવું પડશે .
- તેણે પોતાની જીવન જીવવાની અને નિર્વાહની કાર્યપદ્ધતિ અને કાર્યશૈલી બદલવી પડશે વ્યક્તિએ દરેક ક્ષેત્રમાં ઉત્પાદન ક્ષમતા વધારવી પડશે અને પોતાનો એક ઉપભોક્તા વર્ગ પણ ઉભો કરવો પડશે સાથે સાથે વિસ્તરણ અને વિતરણ ને લગતી સમર્થતા પણ કેળવવી પડશે
- વ્યક્તિએ પોતાની બૌદ્ધિક શક્તિનો પણ વિકાસ કરવો પડશે.
- માસી પોતાના નાગરિકતાના ખ્યાલ બદલવા પડશે.તે પ્રમાણે પોતાના હક્કો અને ફરજો પણ અદા કરવી પડશે.
- આપત્તિ, અકસ્માત, આફતો, જોખમો વગેરે ક્ષેત્રે પહોંચી વળવા માટે સમર્થતા કેળવવાની જરૂર ઊભી થઈ છે.

- માણસના જીવવાનો ધ્યેય- જીવનમાં આનંદ, જીવનમાં આંતરિક અને બાહ્ય સુખ સાથે જીવનમાં સંવાદ છે. આ જ્યારે આ પ્રાપ્ત થાય ત્યારે જ સાચું જીવન જીવ્યા તેમ કહેવાય. માટે દરેકનીસાચી વીભાવના સમજવી અને તેમની સાચા અર્થમાં પ્રાપ્તિ કરવી તે દરેકનો લક્ષિત દયેય છે.

## ૩. ૨૧મી સદીનું શિક્ષણ

- બદલતા જતાં પરિપ્રેક્ષ્યમાં હવે સ્વ શિક્ષણની જરૂર ઊભી થઈ છે. હવે આત્માના શિક્ષણ માટે વિચારવાની જરૂર ઊભી થઈ છે. બંધ અને ઔપચારિક શિક્ષણ ની જગ્યાએ હવે મુક્ત અને સ્વયંસંચાલિત શિક્ષણની તરાહ વિચારવી પડશે.
- જ્ઞાનના સ્રોત વિચારવા પડશે. અને જ્ઞાન પ્રાપ્તિનો સાધનોનો વિકાસ સાથે તેના ઉપયોગની સમર્થતા કેળવવી પડશે. અને તે માટે નવીન ટેકનોલોજી વિકસાવી પડશે અને તેના ઉપયોગનું કૌશલ્ય કેળવવું પડશે.
- Learning to be, learning to do, learning to learn, learning to live જેવા ડેલોર્સ કમિશને સૂચવેલા શિક્ષણના ખ્યાલોનો અમલ કરવો પડશે.
- સારા અને સાચા જ્ઞાનપ્રાપ્તિ સાથે વ્યક્તિ-વિદ્યાર્થીને અભિવ્યક્ત માટેનું અને પોતાના વિચારોનું આદાન પ્રદાન કરવાનું શિક્ષણ આપવું પડશે.
- એક કરતાં વધુ ભાષાઓ પર પ્રભુત્વ મેળવી શકે તે માટેના શિક્ષણની જોગવાઈ કરવી પડશે.
- એક વિદ્યાશાખાનો વિદ્યાર્થી એક જ વિદ્યાશાખામાં રહીને અભ્યાસ કરી શકે એવી કુવામાંના દેડકા જેવી નીતિ માંથી બહાર આવી આંતર વિદ્યાશાખા નો અભિગમ કેળવવો પડશે.
- બદલાતા પ્રવાહમાં સામાજિક સંવેદનશીલતા ઉભી કરવા અને સમાજના માર્ગદર્શક, હિતદર્શક, સંવર્ધક માણસોની અછત સર્જાઇ રહી છે ત્યારે તેવા માણસો પેદા થાય તેવા પ્રકારના શિક્ષણની જોગવાઈ કરવી પડશે.
- સુચારુ  વ્યવસ્થાપન થી જ જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં સરળતા, સુગમતા અને સફળતા પ્રાપ્ત થાય છે માટે હવે એ સંદર્ભે વ્યવસ્થાપન ના પાઠ ભણવા અને ભણાવવા પડશે.
- માણસ જો જીવનમાં આત્મવિશ્વાસ કોઈ પડશે તો તે જીવનનું સઘળું ખોઈ બેસે છે. હાથમાં કોળિયો આપણા હાથમાં હોવા છતાં જાણે કે તે છીનવાઈ જતો હોય તેમ આપણને લાગે છે. તે માટે વ્યક્તિમાં આત્મવિશ્વાસ કેળવાય તે માટે ના શિક્ષણની વ્યવસ્થા વિચારણા કેળવવી પડશે.

## ૪. એકવીસમી સદીનો શિક્ષક

### *૪.૧ જ્ઞાન કાર્યકર*

હવે પછીના સમાજનો વિચાર કરીએ તો તે એક જ્ઞાન આધારિત સમાજ સ્વરૂપે ઉભરી રહયો છે. આવા જ્ઞાન આધારિત સમાજમાં નીર-ક્ષીર વિવેક વાળું જ્ઞાન કયું? તે ક્યાંથી પ્રાપ્ત થાય અને તે કેવી રીતે પ્રાપ્ત કરી શકાય વગેરે જેવા પ્રશ્નોના સમાધાનકારી ઉકેલ શિક્ષકે આપવાના છે .વળી પ્રાપ્ત જ્ઞાનમાં તત્વ, સત્વ અને પરમતત્વની પ્રાપ્તિ માટેનો માર્ગ શિક્ષકે ચીંધવાનો છે. માટે થઈને શિક્ષકે સાચા અર્થમાં જ્ઞાન કાર્યકર્તા તરીકે પોતાની જાતને પ્રસ્થાપિત કરવી પડશ.

### ૪.૨ અધ્યયન શાસ્ત્રનો જ્ઞાતા, અધ્યયન વ્યવસ્થાપક

અગાઉ જણાવ્યા અનુસાર સાચા અર્થમાં પોતાની જાતને એક સારા શિક્ષક એક તજજ્ઞ શિક્ષક તરીકે પ્રસ્થાપિત થવા માટે અધ્યયન શાસ્ત્રમાં નિપુણતા પ્રાપ્ત કરવી પડશે. સાથે સાથે બદલાતા માહોલમાં તત્કાલીન પરિસ્થિતિના પરિપ્રેક્ષ્યમાં એક સારા અધ્યાપનના વ્યવસ્થાપક તરીકે સાબિત થવું પડશે.

### ૪.૩ અનેક વિવિધ કૌશલ્યો ધરાવનાર

શિક્ષક એક Dynamic personality ધરાવતો હોવો જોઈશે. અનેકવિધ કૌશલ્યો તેને હસ્તગત કરવા પડશે.

### ૪.૪ વિવિધ ભાષા કૌશલ્ય પ્રત્યાયન ક્ષમતા

માત્ર માતૃભાષા પર પ્રભુત્વ હોય તેમ નહીં ચાલે પરંતુ માતૃભાષા સાથે રાષ્ટ્ર અને વિશ્વ સ્તરની આગળ પડતી ભાષાઓનો જાણકાર હોવો જોઈશે.વળી એ ભાષામાં અસરકારક પ્રત્યાયન ક્ષમતા પણ તેનામાં હોવી જોઈશ.

### ૪.૫ માનવ સંસાધન વ્યવસ્થાપન

વિકસિત અને વિકાસશીલ રાષ્ટ્રની પ્રથમ ધરોહર તે એ છે કે માનવને માત્ર માનવ નહીં પરંતુ તેને એક સંસાધન તરીકે સ્વીકારવું પડશે. અને તેનો મહત્તમ ઉપયોગ થાય તથા તેનો મહત્તમ વિકાસ થાય તે પણ તેણે વિચારવું પડશે. અથવા શિક્ષણ જગત એ પોતાની પાસે ઉપલબ્ધ એવા માનવીય સંસાધનોનું અસરકારક વ્યવસ્થાપન કરવું પડશે.

### ૪.૬ ટેક્નોલોજીનો જ્ઞાતા

જ્ઞાન વિજ્ઞાન અને ટેકનોલોજીના આ યુગમાં ટેકનોલોજી થી અજાણ હવે અભણ ગણાશે.

### ૪.૭ મૂલ્યોનો આગ્રહી

બદલાતા જતા પ્રવાહમાં શિક્ષક મૂલ્યોનો આગ્રહી હોવો જોઈશે.તેણે પોતાની જાતને Role model તરીકે સ્થાપિત કરવી પડશે.

## ૫. ૨૧મી સદીનું શિક્ષક પ્રશિક્ષણ

- માનવ સંશાધન વિકાસની વિચારધારા સંદર્ભે વિચારવું અને તેનો અમલ કરવો પડશે. પ્રશિક્ષણ કાર્યક્રમ દરમિયાન માત્ર બે જ શાલેય વિષયો ચાલશે નહીં તેને એક કરતા અનેક વિષયોમાં અને એ વિષયોના અધ્યાપનમાં નિપુણતા પ્રાપ્ત કરવી પડશે.
- બી.એડ્. થયેલો માત્ર માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાનો શિક્ષક જ બની શકે એવું શા માટે? અન્ય વિદ્યાશાખાઓમા આમ કેમ નહીં? આવા અનેકવિધ પ્રશ્ન વિચારવા પડશે. સાથે સાથે બી.એડ્. કરવા આવેલો તાલીમાર્થી માત્ર શિક્ષણ શાખાનો જ અભ્યાસક બની તેમજ બની તે તેમાં જ  બની. જાય એ કેમ ચાલે તેણે અન્ય વિદ્યાશાખામાં ડોકિયું કરવું પડશે અને એ માટે થઈને શિક્ષણ પ્રશિક્ષણ કાર્યક્રમો માં બહુ વિદ્યાશાખા લક્ષી કાર્યક્રમ હાથ ધરવા પડશે.

- વિવિધ કૌશલ્યો ઉપર આધારિત અધ્યયન અધ્યાપન ના કૌશલ્યોમાં પ્રભુત્વ હાંસલ કરવા પડશે. ડૉ. ડવાઈટ એલન અને ડૉ. બી.કે.પાસીના જણાવ્યા અનુસાર શિક્ષણમાં ઓછામાં ઓછા ૧૩૫ જેટલા કૌશલ્યોની પારંગતતા પ્રાપ્ત કરવી જોઈએ જ્યારે આજના આપણા અભ્યાસક્રમમાં ગણ્યા ગાંઠ્યા એવા પાંચ કે છ કૌશલ્ય સમજાવવાના અને તાલીમમાંથી તેમાં પારંગતતા પ્રાપ્ત કરે કે ન કરે પરંતુ નિયત સમય મર્યાદામાં માઈક્રોટીચિંગ સાયકલ પૂરી કરી આગળ વધી જવાનું હવે એ ચાલે તેમ નથી.
- શિક્ષણ પ્રશિક્ષણ કાર્યક્રમનું હવે પુનર્ગઠન કરવાનો સમય પાકી ગયો છે. તેમાં માળખાગત સુધારા કરવાની આવશ્યકતા ઉભી થઈ છે. મૂલ્યાંકનનાં સાધનો જાણે કે ટાંચા પડતા હોય તેમ લાગે છે. હવે આ સંદર્ભે સંશોધન,સુધારણા,સશક્તિકરણ અને સુદ્રડતા લાવવી જરૂરી બની છે.
- પ્રવર્તમાન પ્રશિક્ષણ પ્રણાલીમાં પરિવર્તનની સાથે ચિંતનાત્મકતા,સર્જનાત્મકતા, પ્રયોગશીલતા નવીન અભિમુખતા વગેરેનો સમાવેશ કરવો પડશે.

**૫. ઉપસંહાર**

ટૂંકમાં, એમ કહી શકાય કે હવે દિવસો કપરા અને સાવધાની પરખવાના આવી રહ્યા છે.આ વિશ્વ હતાશા,ભગ્નતા અને નિરાશા તરફ ધકેલાઈ રહ્યું છે ત્યારે આ જૂના પુરાણા રગશિયા ગાડા જેવી શિક્ષણ પ્રણાલીમાં નવો ચીલો ચાતરી, સમાજને એક આગેવાની,સમાજને દિશા બતાવવાની અને સમાજની આ દશા બદલવાની જરૂર વર્તાય છે. શિક્ષણ અને શિક્ષણ પ્રણાલીમાં આવતા પડકારો ઝીલી લે તે પ્રમાણે પોતાની અને પોતાની જાતને બદલવી જ પડશે. અને એ પ્રમાણે ભાવિ સમાજ નું ઘડતર અને ચણતર કરવુ પડશે.

**સંદર્ભસૂચિ**


1. Hemchand, T.K. (1998). Problems of teacher Education. Editing 2008. Delhi. Crescent Publishing Corporation.
2. Rao, V.K, (2004). Teacher Education., Edition. Delhi, A.P.H. Publishing corporation.
3. www.21senturyskills.org
4. www.editilib.org
5. www.wikipedia.org